શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપ્પક

વર્ષ : ૨૨
અંક : ૬

## શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ

૧૬. સાતત્યપૂર્ણ વિકાસ માટે શાંતિપૂર્ણ અને સમ્મિલિત સમુદાયોને પ્રોત્સાહિત કરવા, તમામ માટે ન્યાય સુધીની પહોંચ ઉપલબ્ધ કરાવવી અને તમામ સ્તરે અસરકારક, જવાબદેહ અને સમ્મિલિત સંસ્થાઓનું નિર્માણ કરવું.

૧૬.૧ તમામ સ્થળે તમામ પ્રકારની હિંસા અને સંલગ્ન મૃત્યુદરમાં નોંધપાત્ર સ્તરે ઘટાડો કરવો.

૧૬.૨ બાળકો પર અત્યાચાર અને તેમની સામેની તમામ પ્રકારની હિંસા, હુમલા, શોષણ અને તસ્કરીનો અંત લાવવો.

૧૬.૩ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાના શાસનને પ્રોત્સાહિત કરવું અને તમામ માટે ન્યાય ઉપલબ્ધ કરાવવો.

૧૬.૪ વર્ષ ૨૦૩૦ સુધીમાં ગેરકાયદે નાણાં અને શસ્ત્રોના પ્રવાહને અટકાવવો, ચોરાયેલી સંપદાની પુનઃપ્રાપ્તિ અને પરત કરવાની પ્રક્રિયાને સુદઢ બનાવવી અને તમામ સ્વરૂપમાં સંગઠિત ગુનાખોરી સામે લડત ચલાવવી.

૧૬.૫ ભ્રષ્ટાચાર અને લાંચ–રૂશ્વતને તેના તમામ સ્વરૂપમાં નોંધપાત્ર સ્તરે ઘટાડવી.

૧૬.૬ તમામ સ્તરે અસરકારક, જવાબદેહ અને પારદર્શી સંસ્થાઓને વિકસાવવી.

૧૬.૭ તમામ સ્તરે પ્રત્યુતરદાયી, સમ્મિલિત, સહભાગી અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવું.

૧૬.૮ વૈશ્વિક પ્રશાસનની સંસ્થાઓમાં વિકાસશીલ દેશોના સહભાગીપણાને સુદઢ બનાવવું અને વિસ્તારવું.

૧૬.૯ વર્ષ ૨૦૩૦ સુધીમાં જન્મની નોંધણી સહિત તમામ માટે કાનૂની ઓળખ પૂરી પાડવી.

૧૬.૧૦ રાષ્ટ્રીય અનુચ્છેદો અને આંતરરાષ્ટ્રીય સમજૂતીઓના અનુસરણમાં મૂળભૂત સ્વતંત્રતાનું રક્ષણ અને માહિતી સુધી જાહેર પહોંચ ઉપલબ્ધ કરાવવી.

૧૬–એ તમામ સ્તરે ક્ષમતા નિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સહકાર મારફત સંલગ્ન રાષ્ટ્રીય સંસ્થાઓને સુદઢ બનાવવી, હિંસાને અટકાવીને ત્રાસવાદ તથા ગુનાખોરી સામે લડત ચલાવી શકાય.

૧૬–બી સાતત્યપૂર્ણ વિકાસ માટે બિન–ભેદભાવકારી કાયદા અને નીતિઓને પ્રોત્સાહિત કરીને લાગુ કરવી.

સંકલન – હિરલ ડોડીયા

**પરીક્ષા એની જ લેવાય સાહેબ જેના કર્મ અને નસીબ સારા હોય.**

## તીતી ઘોડાનું સંકલિત વ્યવસ્થાપન

ઉતરગુજરાત અને સૌરાષ્ટ કચ્છમાં ઉનાળુ/ ખરીફ ઋતુમાં રણતીડ પ્રજનન માટે અનુકૂળ વાતાવરણ હોય છે. રણતીડ એ એક જાતના તીતીઘોડા છે જે મોટા ટોળાં બનાવીને ઘણા લાંબા અંતર સુધી ઊડીને ખેતીવાળા પ્રદેશમાં ઊતરીને હજારો એકર જમીન પર પથરાયેલા પાકનો નાશ કરે છે. તાજા નીકળેલા લાલ તીડ ખૂબ જ ખાઉધરા હોય છે. બનાસકાંઠામાં જુવાર, બાજરી, પશુચારાની મકાઈ, રજકો, ઘઉં, ઈસબગુલ, રાઈ, મેથી અને જીરું જેવાં શિયાળુ પાકો ખાઈ ચુકયા છે.

આ ટોળાઓના ઉછેર થયો હોય તે જ પ્રદેશોમાં તેઓ ઈંડા મુકતા નથી. બચ્ચાંઓ પુખ્ત વયના પાંખાળા થાય ત્યાં સુધીમાં તો તેમણે તે સમગ્ર પ્રદેશની હરિયાળી ખતમ કરી નાંખી હોય છે એટલે આ પેદા થયેલ ટોળાઓને તે જ વર્ષમાં બીજી પેઢી તૈયાર કરવાની હોવાથી તેમનું જીવન લાંબુ ટકાવી રાખવું હોઈ તથા આ રીતે તેમનો વસ્તીવધારો ઝડપી કરવાનો હોઈ તેમણે બીજો પ્રદેશ કે જયાં વરસાદની મોસમ શરૂ થવાની હોય તેવા પ્રદેશમાં સ્થળાંતર કરવું જ રહયું. આ રીતે જયારે વરસાદની શરૂઆત થાય છે ત્યારે રણપ્રદેશમાં તેનો ઉછેર શરૂ થઈ જાય છે અને લગભગ ઓગષ્ટ–સપ્ટેમ્બરમાં ટોળાઓ તૈયાર થઈ જાય છે. જે ઈરાન અને અરબસ્તાન તરફ પ્રયાસ કરે છે. આ દેશોમાં તે ભૂમધ્ય સમુદ્ર પરથી આવતો હોવાથી ત્યાં શિયાળામાં વરસાદ થાય છે અને આ દેશોના રણપ્રદેશમાં તેની બીજી પેઢીનો ઉછેર શરૂ થઈ જાય છે. આ રીતે તૈયાર થયેલા બીજી પેઢીના ટોળાઓ ભારત પાકિસ્તાનમાં જયારે ચોમાસું શરૂ થવાનું હોય ત્યારે આવે છે. સ્થળાંતર કરતા આ ટોળાઓની ગતિ કલાકના લગભગ ૧૮ કિમી.ની હોય છે.

રણતીડનો જીવનક્રમ સામાન્ય રીતે તો આપણે ત્યાં દેખાતા અન્ય તીતીઘોડા જેવો જ હોય છે. રણતીડની એક માદા તેના જીવનકાળ દરમિયાન લગભગ ૩૦૦ થી ૫૦૦ ઈંડા જમીનમાં દાટે છે. દટાયેલા ઈંડામાંથી બે અઠવાડિયામાં બચ્ચાં તૈયાર થઈ જાય છે પરંતુ, તે આજુબાજુના હવામાન તથા જમીનના ભેજ ઉપર આધાર રાખે છે. સામાન્ય રીતે માદા લગભગ એવા સમયે જ ઈંડા મુકે છે જયાં એકાદ માસમાં વરસાદ પડવાનો હોય જેથી ભવિષ્યમાં બચ્ચાંને ખાવાનું નજીકમાં જ મળી રહે છે.

તીડનું ટોળું આવતું હોવાના સમાચાર મળતાં જ ગ્રામજનોને સાવધ કરી ખેતરમાં ઢોલ, પતરાનાં ડબા કે થાળીઓ ખખડાવીને મોટા અવાજ કરવા જેથી તીડનું ટોળું નીચે ન ઉતરતાં આગળ વધી જાય. તીડનું ટોળું રાત્રી રોકાણ કરે તો કેરોસીનના કાકડા અથવા ફલેમથ્રોઅર વડે સળગાવી નાશ કરવો અથવા સવારના સમયે ફેનિટ્રોથીઓન અથવા મેલાથીઓન ૫૦ ઈસી અથવા કલોરપાયરિફોસ ૨૦ ઈસી ૧ લીટર પ્રમાણે ૮૦૦ થી ૧૦૦૦ લીટર પાણીમાં મેળવીને ૧ હેકટર વિસ્તારમાં

**આથમતા સુરજની ખાસિયત એ છે કે એને પડીને ઉગતા આવડે છે.**

છાંટવું. લીમડાંની લીંબોળી ની મીજનો ભુકો ૫૦૦ ગ્રામ અથવા લીમડાંનું તેલ ૪૦ મિલી.+ કપડાં ધોવાનો પાવડર ૧૦ ગ્રામ અથવા લીમડાં આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિલી (૧ઈસી)થી૪૦ મિલી. (૦.૧૫ઈસી) ૧૦ લીટર પાણીમાં ઉમેરી છાંટવાથી આવા છોડને તીડ ખાતા નથી. જે જમીનમાં ઈંડા મુકાયા હોય તે વિસ્તારની સરહદ નક્કી કરી તેની આજુબાજુ કિવનાલફોસ ૧.૫ ટકા, મેલાથીઓન ૫ ટકા ભુકી બે ફૂટ પહોળા પટ્ટામાં છાંટવી જેથી ઈંડામાંથી બહાર નીકળતાં બચ્ચાં કીટકનાશકનાં સંસર્ગથી નાશ પામે. કિવનાલફોસ ૧.૫ ટકા ભુકીના બે ફૂટ પહોળા પટ્ટા માર્ગમાં બનાવવા અથવા ડાંગરની કુશકી ૧૦૦ કિલોગ્રામ સાથે ફેનિટ્રોથીઓન ૫૦ ઈસી (૫૦૦મિલી.) + ગોળની રસી (૫ કિગ્રા.) ભેળવીને બનાવેલ ઝેરી પ્રલોભિકા બચ્ચાંના રસ્તામાં વેરવી. કીટનાશકનો છંટકાવ કરેલ હોય તેવા વિસ્તારમાં ઢોર કે ઘેંટા–બકરાં ચરાવવા નહિ. જમીનમાં બચ્ચાંના ટોળા હોય તો કિવનાલફોસ ૧.૫ ટકા અથવા મેલેથીયોન ૫ ટકા ભુકી છાંટીને નાશ કરવો અથવા ડાયકલોરવોસ ૭૬ ઈસી ૨૦ મિલી. ૧૦૦ કિગ્રા.રેતી અથવા માટીમાં મિશ્ર કરીને ઊભા પાકમાં કે ઘાસિયા જમીનમાં છાંટવાથી બચ્ચાંનું નિયંત્રણ કરી શકાય.

– નરેન્દ્ર પોકીયા

## વિસરાયેલી રમતો – મીની ઠેકામણી

આ રમતમાં શરીરનું સોષ્ઠવ વધે છે. બાળક અંગ કસરતની સાથે સાથે જીમ્નાસ્ટીક જેવી પ્રવૃતિઓ પણ સહજ કરે છે. દાવ દેનાર વ્યકિત હાથ અને પગથી પ્રાણીની માફક સ્થિતિમાં રહે છે. દાવ લેનાર દરેક બાળક એક ચોકકસ અંતરેથી દોડી અને ત્યારબાદ દાવ દેનારના શરીરને ઓળંગે છે. ઓળંગતી વખતી સ્થાનિક ભાષામાં આવુ પણ બોલે છે. (વિવિધ જગ્યાએ આ બોલવાના શબ્દો અલગ હોય શકે). દાવ લેનાર પ્રત્યેક બાળક વારાફરતી એકલખાજા, દુરબિનદાજા, તિનતડાકા, ચોગન મોગન, પંચકભાલા, છક બે છૈયા, સતાક સુતળી, અઠાક હાંડલા, નવાક નોળીયા, દશાક દાંડી, અગિયારે આંબા, બારે બગલા, તેરે ત્રિશુળ, ચૌદે છોકરા, પંદરે પુરા એમ એક પછી એક બોલી દાવદેનાર બાળક જે હાથ અને પગના સહારે ઉભુ છે તેના પરથી ટપે છે. કેટલીક શરતો પણ અનુકુળતા પ્રમાણે હોય છે. જેમકે દાવ દેનારના શરીરના કોઈપણ ભાગને દાવ લેનાર જયારે કુદે ત્યારે અડવું જોઈએ નહી. સમય થતા દાવદેનાર વ્યકિત પોતાની સ્થિતિમાં જ રહી શરીરની ઉંચાઈ વધારી શકે. આમ જો દાવ લેનારનો શરીરનો કોઈપણ ભાગ દાવ દેનારના શરીરને અડે તો રમત ફરીથી શરૂ થાય. બાળકોમાં શારીરીક વિકાસની સાથે સાથે ઉંચીકુદની કુશળતા આપોઆપ વધે છે.

– ભરત વાળા

**સ્વપ્ન એટલે પગથીયા વિનાની સીડી અને ઘ્યેય એટલે નિશ્ચિત કરેલા પગથીયા.**

## વિશ્વ બાળમજુરી વિરોધ દિવસ તા. ૧૨/૦૬/૨૦૨૦

વિશ્વ બાળમજુરી વિરોધ દિવસ સમગ્ર વિશ્વમાં બાળમજુરીનાં વિરોધમાં, બાળકોની સુરક્ષા અને અધિકારો માટે ઉજવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ૫ થી ૧૭ વર્ષનાં ૧૫૨ મીલીયન બાળકો બાળમજુરી સાથે સંકળાયેલા છે. તેમાંથી ૭૩ મીલીયન બાળકો તો ખતરનાક મજુરી સાથે સંકળાયેલા છે. વિશ્વમાં ૧૦ બાળકોમાંથી ૧ બાળક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાળમજુરી સાથે સંકળાયેલ છે. ભારતમાં ચાલતા "ચાઈલ્ડ લાઈન ૧૦૯૮" નો ઉદેશ્ય બાળમજુરી અટકાવવાનો છે. ભારત સરકાર દ્વારા તા.૧૦/૧૦/૨૦૦૬નાં જાહેરનામાથી હોટેલ, રેસ્ટોરન્ટ, ખાણી–પીણીની લારીઓ, ચાની કીટલીઓ, રોડ સાઈડના ધાબાઓ, સ્પા, મનોરંજનાં સ્થળો તથા ઘરકામમાં પણ બાળમજુરોને કામ ઉપર રાખવાનો પ્રતિબંધ મુકવામાં આવેલ છે. કાયદાકીય જોગવાઈ મુજબ બાળકોને કામે રાખનારને ૩ માસથી ૨વર્ષ સુધીની કેદ અથવા રૂા.૧૦ હજારથી ૨૦ હજાર સુધીના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સંસ્થાએ જુદા જુદા કાર્યક્ષેત્રમાં તા.૧૨/૬/૨૦૨૦નાં વિશ્વ બાળમજુરી વિરોધ દિવસની ઉજવણી કરવામાં આવી.

૧. ચાઈલ્ડ લાઈન અમરેલીઃ ટીમ દ્વારા લાઠી રોડ રેલ્વેક્રોસિંગની આસપાસનાં સ્લમવિસ્તારનાં ૫ થી ૧૩ વર્ષનાં ૨૯ જેટલા બાળકોને લઈને ચાઈલ્ડ લાઈનની સમજણ અને આજનાં દિવસ કયાં સંદર્ભમાં છે તેમજ બાળકો માટે શિક્ષણનું મહત્વ અને બાળમજુરીએ ગુનો છે તે સમજાવવામાં આવ્યું. આ પ્રસંગે ૬ મહીલા વાલીઓ પણ ઉપસ્થિત રહયા હતા. બાળકોને ચાર્ટ પેપર અને પત્રિકાનાં માધ્યમથી સમજ આપી.




**જયાં સંઘર્ષ નથી ત્યાં કોઈ પ્રગતી નથી.**

હાલની કોવીડ–૧૯ની પરિસ્થિતિમાં બાળકોને આ મહામારીથી કેવી રીતે સુરક્ષિત રાખી શકાય જેમકે યોગ્ય ખોરાક, માસ્ક અને સોશ્યલ ડીસટન્સનું મહત્વ સમજાવવામાં આવ્યું.

૨. એગ્રીકલ્ચર પ્રોજેકટ ખાંભા : ખાંભા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આસપાસનાં સ્લમ વિસ્તારનાં બાળકોનાં વાલીઓને અગાઉથી જાણ કરીને કુલ ૬ થી૧૩ વર્ષનાં ૩૮ બાળકો માટે આ કાર્યક્રમ કરવામાં આવ્યો. કાર્યક્રમમાં ચાઈલ્ડ લાઈનની સમજણ સાથે આજનાં દિવસની જાણકારી આપવામાં આવી. બાળમજુરીએ ગુન્હો છે તેની સમજણ આપી. આ કાર્યક્રમમાં પક્ષીઓની ઉપયોગીતા અંતર્ગત ચકલીનાં માળાનું, કોવીડ ૧૯ અંતર્ગત સમજણ સાથે માસ્ક તથા નોટબુક–બોલપેનનુ વિતરણ કર્યુ.

એગ્રીકલ્ચર પ્રોજેકટ ધોકડવાઃ દેવાભાઈ ચુડાસમા, જિજ્ઞેશ ગુર્જર અને જશુભાઈ કડોત્રાએં સોનારીયા અને ભડીયાવદર ગામે આ કાર્યક્રમની ઉજવણી ૨૦ જેટલા બાળકો સાથે કરી. જેમાં આજનાં દિવસની જાણકારી, બાળસુરક્ષા અને બાળ અધિકારોની વિસ્તૃત સમજણ આપી સાથે સાથે કોવીડ ૧૯નાં બિમારીથી બાળકો સુરક્ષિત રહે તે માટે સમજણ આપવામાં આવી અને આ પરિસ્થિતિમાં શિક્ષણ કાર્ય  ઘરે જ ચાલુ રાખવા જણાવવામાં આવ્યું. આમ, એસએસકેકે દ્વારા કોવીડ–૧૯ની પરિસ્થિતિને ધ્યાને રાખીને બાળમજુરી વિરોધ દિવસની ઉજવણી સંપન્ન કરવામાં આવી.

– અર્જુન ઝાંઝરૂકીયા



**ભુલ પીઠ જેવી છે સાહેબ બીજાની દેખાય આપણી નહી.**

## ગુજરાતમાં ખાદ્ય પાકો ઉગાડવા માટે ખરીફ અભિયાન

હાલમાં કોવીડ–૧૯ની મહામારીને કારણે હજારો લોકો શહેર તરફથી ગામડા બાજુ પ્રસ્થાન કરેલ છે અને ખેતી વિષયક મુલ્યો ઘટતા જાય છે ત્યારે આવા સંજોગોમાં ખેતીમાં જે પાકો ફકત આર્થિક ક્ષમતામાં વધારો કરે અને ખાદ્ય સુરક્ષાની ખાત્રી આપે તેટલું મર્યાદિત નથી પરંતુ ખેતીમાં એવા પાકો ઉત્પાદન કરવા પડે જે પોષ્ટિક હોય, આરોગ્યપ્રદ હોય અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરે તેવા હોય અને સાથે–સાથે આર્થિક સક્ષમતા પણ ઉભી કરે. આ મહામારીમાં આપણે સૌએ અનુભવ્યું છે કે જે વ્યકિતની રોગપ્રતિકારક શકિત મજબુત છે તે આ મહામારીથી બચી શકયા છે અથવા રોગ સામે લડી શકયા છે. જેનાં પાયામાં મજબુત રોગપ્રતિકારક શકિત છે. જે આપણા પોષ્ટિક અને શુધ્ધ ખોરાકમાંથી જ મળે છે. આ તમામ બાબતને ધ્યાને લઈને સજ્જતા સંઘ અને WGWLO (વર્કીંગ ગ્રુપ ફોરવિમેન એન્ડ લેન્ડ ઓનરશીપ) બંને નેટવર્ક જે ઘણા સમયથી ટકાઉ ખેતી અંગે કાર્યરત છે. આ બંને નેટવર્કને DSC (ડેવલપમેન્ટ સર્પોટ સેન્ટર) પ્રોત્સાહન પુરૂ પાડી રહેલ છે. બંને નેટવર્ક દ્વારા ખેડુતો વધુમાંવધુ પોષ્ટિક ખાદ્યપાકો ઉગાડે તે માટે ખરીફ અભિયાનનું આયોજન કરેલ છે.

સજ્જતા સંઘ અને WGWLO અને આ અભિયાન અંતર્ગત નિયત કરાયેલ ૬ સ્વૈચ્છિક સંસ્થાઓ ગુજરાતનાં ૬ જિલ્લાનાં ૧૨ તાલુકાનાં ૧૦,૦૦૦ જેટલા ખેડૂતોને અને WGWLO નાં સભ્યો અને તેના ૧૨ સંગઠનો દ્વારા રાજયનાં ૧૨ જીલ્લાનાં ૧૫ તાલુકામાં ૧૫૦૦૦ બહનોને વર્તમાન સંજોગોને ધ્યાને લઈને જુદા જુદા માધ્યમથી મળવાનો પ્રયાસ કરશે અને ખેતીમાં આંતરપાક, કે મિશ્ર પાક દ્વારા પોષક પાકનું વાવેતર થાય અને તંદુરસ્ત સમાજની રચના થાય તેવા સઘન પ્રયાસો કરશે.

આમ, આ અભિયાન દ્વારા ૧૫ જીલ્લાનાં ૨૫,૦૦૦ જેટલા ખેડુતો સુધી પહોચવાનો પ્રયાસ કરવામાં આવશે.

૧. અભિયાનનો મુખ્ય ઉદેશ

આ અભિયાનનો મુખ્ય ઉદેશ સમાજની આરોગ્ય અને સલામતિ સુનિશ્ચિત કરવા માટે ખેડુતો દ્વારા વધુમાં વધુ પોષક પાકો ઉગાડવામાં આવે અથવા વધારો કરવામાં આવે, ખેડુતોની ક્ષમતામાં વધારો થાય તે માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરવા માટે માહિતીનો પ્રચાર–પ્રસાર કરવો.

૨. ખેડુતો સુધી કેવી રીતે પહોચવામાં આવશે ?

(૧) બન્ને નેટવર્ક અને સભ્ય સંસ્થાઓ હાલે CBOs/FPOs સ્વભૂમિ કેન્દ્ર મારફત કાર્યરત છે.

(૨) મહીલા કિસાન સાથી (MKS), કોમ્યુનીટી રીસોર્સ પર્સન (CRP) ખેડુતો સુધી પહોચશે.

(૩) અભિયાન માટેનું સહિત્ય જેવુ કે ઓડીયો, વિડયો અને પ્રિન્ટીંગ મટીરીયલ

**'સબંધ' અને 'સંપતી' મુઠી ભરો તો રેતી છે અને જો વાવતા રહો તો ખેતી છે.**

વિકસિત કરવામાં આવશે અને જુદા જુદા માધ્યમથી શેર કરવામાં આવશે સામાજીક અંતર રાખીને મીટીંગનું આયોજન કરવામાં આવશે.

(૪) ગ્રામપંચાયતને આ અભિયાનમાં સામેલ કરવામાં આવશે. સ્વભૂમિ કેન્દ્ર પહલેથી જ ગ્રામપંચાયત સાથે કાર્યરત છે. જેથી બીયારણ અને અન્ય સાધાનની આવશ્યકતા માટે ગ્રા.પં. દ્વારા કૃષિ વિભાગ સાથે સંકલન સાધવાનો પ્રયાસ કરશે.

(૫) આ અભિયાનની આમ સમાજમાં જાગૃતિ ઉભી થાય તે માટે વર્તમાન પત્રો,અને સોશ્યલ મિડીયાનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવશે.

૩. અભિયાન અંતર્ગત મૂળ ભૂત સદેશાઓ

(૧) ખેડુતો દ્વારા મિશ્ર પાક કે આંતર પાકની પધ્ધતિ દ્વારા રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય તેવા પોષાક પાકો જેવા કે અનાજ, કઠોળ, તેલીબીયા અને શાકભાજીનું વાવેતર થાય.

(૨) ખેડુતો દ્વારા વ્યવસાયિક પાકો દ્વારા આર્થિક સુરક્ષા ઉભી થાય ઉપરાત પોષક પાકો દ્વારા આરોગ્ય સલામતિ સુરક્ષા ઉભી કરવી.

(૩) અભિયાનના ધાર્યા પરિણામ મળે તે માટે જરૂરી ઈનપુટસ અને તાંત્રિક જાણકારી પુરી પાડવી.

(૪) ખેતીમાં થતી સફળ પ્રેકટીસ, સફળ વાર્તાઓ, જુદા જુદા પડકારો અને તેના ઉકેલનું દસ્તાવેજી કરણ કરીને પરસ્પર વ્હેચણી કરવી.

૪. આ અભિયાનથી મળનાર પરિણામ

(૧) ગુજરાતમાં ૧૫ જીલ્લાનાં લગભગ ૨૫,૦૦૦ ખેડુતો મિશ્ર પાકો અંતર્ગત પોષક પાકોનું ઉત્પાદન કરતા થશે.

(૨) આ અભિયાન અતંર્ગત પ્રત્યક્ષ રીતે ૧ લાખ ખેડુતોનો સંપર્ક કરવામાં આવશે.

(૩) નેટર્વકિંગ પધ્ધતિથી ગુજરાતમાં વરસાદ આધારિત ખેતીની શરૂઆત કરવામાં આવશે.

(૪) અભિયાનનો સમયગાળો–જૂન ૨૦૨૦થી ઓગષ્ઠ ૨૦૨૦

ખેતી અને સ્વાસ્થ્ય અંગેના આ અભિયાનમાં સજીવ ખેતીથી ઓછા સમયમાં ઉતમ ગુણવતા વાળા ફળ, અનાજ, કઠોળ, ઔષધિઓ, મસાલાના ઉત્પાદનો પર વાર્તાલાપ કરી ખેડુતોં નિર્ણાયકતા તરફ જાય તેવા પ્રયાસો હાથ ધરીએ. પશુપાલન, કિચનગાર્ડન, મરઘા અને મત્સ્યપાલન અને સરકારી યોજનાઓની જાણકારી વહેચીએ.

– રમેશભાઈ સોલંકી

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો. વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

***ગુરૂની કૃપા હોય તો શિષ્ય કોઈપણ ગ્રંથ વાંચ્યા વગર પંડીત થઈ શકે છે.***

## Happy Birthday

| | |
|---|---|
| Ramji Bambhaniya | 01.07.1992 |
| Hiral Dodiya | 06.07.2000 |
| Maheshbhai Mayatra | 13.07.1994 |
| Sradhdha Kathiriya | 17.07.1998 |
| Vijaybhai J. Solanki | 23.07.1994 |
| Pareshbhai Solanki | 28.07.1990 |

## In this month

| | |
|---|---|
| 10 | Webinar by CREA on COVID talks. |
| 11. | PMFS training |
| 12 | Webinar with Dr. Venita Kaul on Impact of COVID-19 on young children's learning and development. |
| 12 | Celebrated World day Against Child labour with slum area children near railway crossing, Varasada road, Amreli. |
| 15 | Webinar on Building the futures we want to see. |
| 23 | ToT on water stewardship session. |
| 16 | Open house at near railway crossing, Varasada road, Amreli. |
| 26 | Childline statement of expenditure training. |
| 27 | Carrier of student's workshops by MCMF |

Weekly review meeting held all project team in this month.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સબંધ જાળવવો જરૂરી છે જતાવવો કે બતાવવો નહી.**